પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૪૩ | ૧૩ નવેમ્બર, ૨૦૧૭, સોમવાર ; કારતક વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જીએસટીમાં બે સ્લેબ જ રાખવા વિચારણા

**જીએસટી કાઉન્સિલની મિટિંગમાં ટોપ બ્રેકેટમાં રહેલી બાકીની ૫૦ વસ્તુઓને પણ ૨૮ ટકાના ટેક્સ સ્લેબથી બહાર કાઢવામાં આવી શકે**

નવી દિલ્હી,તા. ૧૨

કેન્દ્ર સરકાર અને રાજય સરકારો ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)ને લઈને સતત ચર્ચા કરી રહી છે. ખાસ કરીને ટોપ ટેક્સ સ્લેબને લઈને વાતચીતનો દોર જારી રહ્યો છે. જો કે હવે એવુ લાગી રહ્યુ છે કે ઓગષ્ટ મહિનામાં અંદાજ કરતા વધારે સારા પ્રમાણમાં ટેક્સ જમા થઈ જવાના કારણે આ દિશામાં આગળ વધવાની હિમ્મત મળી રહી છે. ટોપ ટેક્સ સ્બેમાં રહેલી ૧૭૭ જેટલી વસ્તુઓને હવે સસ્તી કરી દેવામાં આવી છે. તેમને ૨૮ ટકાના ટેક્સ સ્લેબમાંથી બહાર કાઢવામાં સફળતા મળી છે. રાજ્યોની નજર જુલાઈ મહિનાના ૧૭૦૦૦ કરોડ રૂપિયાના ટેક્સ નુકસાન પર હતી. અલબત્ત ઓગષ્ટ મહિનામાં આ નુકસાન ઘટીને ૭૦૦૦ કરોડ રૂપિયા થઈ ગયુ છે. ઓટોમોબાઈલ્સ, જુદા જુદા ડ્રીક્સ અને તમાકુ પર લાગુ કરવામાં આવેલા સેસથી આશરે ૮૦૦૦ કરોડ રૂપિયા જમા થઈ ગયા હતા. મંત્રીઓને શ્વાસ લેવાની થોડીક જગ્યા મળી તો રેટ કેટ કાપ માટે આગળ વધવાની હિમ્મતપણ મળી હતી. જે પ્રધાનો સાથે વાત કરવામાં આવી છે જે પ્રધાનો કહે છે કે આગામી દોરના ફેરફાર અંગે કોઈ વાત કરવી હાલમાં તો વહેલી તકે રહેશે. આગામી થોડાક મહિનામાં જ્યારે જીએસટી કાઉન્સિલની બેઠક થશે ત્યારે ટોપ બ્રેકેટમાં રહેલી ૫૦ બાકીની વસ્તુઓને પણ ૨૮ ટકાના ટેક્સ સ્લેબમાંથી બહાર કાઢી લેવામાં આવે તેવી શક્યતા છે. કેન્દ્રિય પ્રધાન અરૂણ જેટલી શુક્રવારના દિન આ મુદ્દે વાત કરતા દેખાયા ન હતા. પરંતુ મોટા ભાગના રાજયોની ઈચ્છા છે કે જીએસટીના સ્લેબને ઘટાડીને ત્રણ કરી દેવામાં આવે. કેટલાક રાજ્યો તો ઉતાવળ પણ કરી રહ્યા છે. સુત્રોએ કહ્યુ છે કે ગુવાહાટીની જીએસટી કાઉન્સિલની બેઠકમાં કેટલાક રાજ્યોએ જીએસટીને તબક્કાવાર રીતે બે સ્લેબ સુધી મર્યાદિત કરી દેવાની માંગ કરી હતી. કારણ કે રાજ્યો નવી ટેક્સ વ્યવસ્થાને અમલી કરવા માટે સાફ સ્વચ્છ અને સરળ રીત ગણે છે. જ્યારે જીએસટીની કલ્પના કરવામાં આવી ત્યારે યોજના એક અથવા તો બે ટેક્સ સ્લેબની હતી. જો કે રાજકીય કારણોસર ચાર ટેક્સ સ્લેબ નક્કી કરવાની સરકારને ફરજ પડી હતી. આની વિપક્ષ અને નિષ્ણાંતો દ્વારા વ્યાપક ટિકા કરવામાં આવી હતી. જાણકાર લોકો કહે છે કે જીએસટી રેટ માળખામાં આગામી દોરના ફેરફાર હેઠળ ૧૮ ટકાવાળી વસ્તુઓની યાદી નાની કરી દેવામાં આવશે. ધીમે ધીમે ૧૨ ટકા અને

● અનુસંધાન પાન-૫ પર

## ન્યુઝ ટ્રેક

### ચિત્રકૂટ પેટા ચૂંટણીમાં કોંગ્રેસની જીત

મધ્યપ્રદેશના ચિત્રકૂટ વિધાનસભાની પેટા ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર નીલાંશુ ચતુર્વેદી વિજયી બન્યા છે. ભાજપે પ્રથમ રાઉન્ડમાં લીડ બનાવી હતી પરંતુ તે પછીના તમામ રાઉન્ડમાં પાછળ રહ્યું હતું.

### એર ઈન્ડિયાને બચાવવા ૧૫૦૦ કરોડની લોન




દેવામાં ડુબેલા એર ઈન્ડિયાને ૧૫૦૦ કરોડ રૂપિયાની લોન બેંક ઓફ ઈન્ડિયાએ આપી છે. એર ઈન્ડિયાએ તાત્કાલિક ધોરણે વર્કિંગ કેપિટલની જરૂરીયાત હોવાનું જણાવતાં એક ટેન્ડર બહાર પાડયું હતું. તે પછી આ લોન મેળવાઈ છે.

### રાષ્ટ્રીય જનતા દળના અધ્યક્ષ પદ માટે લાલુ ફરી મેદાનમાં



રાષ્ટ્રીય જનતા દળના અધ્યક્ષ પદ માટે લાલુ પ્રસાદ યાદવે ૧૦મી વખત ઉમેદવારી નોંધાવી છે.



સોફ્ટ હિંદુત્વ - રાહુલ ગાંધીએ વધુ બે મંદિરોમાં દર્શને પહોંચ્યા હતા... થરા પાસે તરભ ખાતે માલધારી સમાજના આસ્થા કેન્દ્ર સમા વાળીનાથ મંદિરે દર્શન કરી મહંત આશીર્વાદ મેળવ્યા હતા.... સોમવારે જૈન દેરાસર અને શક્તિપીઠ બહુચરાજી ખાતે પણ દર્શન કરશે....

# પ્રધાનમંત્રી મોદી ત્રણ દિવસના ફિલિપાઈન્સ પ્રવાસે જવા રવાના

**આજે જુદા જુદા દેશોના વડાઓને મળશે : અમેરિકી પ્રમુખ ટ્રમ્પ સાથેની વાતચીત પર નજર કેન્દ્રિત**

નવીદિલ્હી, તા. ૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સવારે પોતાની ફિલિપાઈન્સની ત્રણ દિવસની યાત્રા માટે રવાના થઈ ગયા બાદ ફિલિપાઈન્સ પહોંચ્યા હતા. આ ગાળા દરમિયાન વડાપ્રધાન પાટનગર મનીલામાં ૧૫માં ભારત-અશિયાન તથા ૧૨માં પૂર્વ એશિયા કાર્યક્રમમાં ભાગ લેશે. આ ગાળામાં મોદીની મુલાકાત અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે થાય તેવી શક્યતા પણ દેખાઈ રહી છે. એમ કહેવામાં આવે છે કે, બંને દેશોના નેતાઓ વચ્ચે આ વાતચીત આવતીકાલે થશે. આ પ્રવાસ દરમિયાન મોદી ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન મૈલકમ ટર્નબુલ, જાપાનના વડાપ્રધાન શિંજો આબે ઉપરાંત વિયેતનામના વડાપ્રધાન અને ન્યુઝીલેન્ડના વડાપ્રધાનને પણ મળશે. પ્રથમ બેઠક ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયાના અધિકારી સ્તર થશે જેમાં જોઈન્ટ સેક્રેટરી, ડાયરેક્ટર, સહાયક સચિવો હાજરી આપશે. ત્યારબાદ મોદી આ દેશોના નેતાઓ સાથે વાતચીત કરશે.

સુત્રોનું કહેવું છે કે, ચાર દેશોના અધિકારી અહીં આશિયાન શિખર બેઠકમાં ભાગ લેવા માટે પહોંચ્યા છે. આ ચારેય દેશોના વડાઓ વચ્ચેની વાતચીત ઉપર પણ વિશ્વના દેશોની નજર રહેશે. જાપાનના પગલા અંગે પ્રતિક્રિયા આપતા ભારતે કહ્યું છે કે, તે પોતાના હિત માટે એકસમાન વિચારધારાવાળા દેશોની માટે કામ કરવા માટે તૈયાર છે. અમેરિકાનું કહેવું છે કે, તે ભારત જાપાન અને ઓસ્ટ્રેલિયાની સાથે કામગીરી સ્તર પર ચતુષકોણિય બેઠકને લઈને આશાવાદી છે. મોદી અને ટ્રમ્પ પણ એકબીજાને મળે તેવી શક્યતા છે. ટ્રમ્પે રવિવારના દિવસે જ ભારતના આર્થિક વિકાસ દર અને મોદીની કામગીરીની પ્રશંસા કરી હતી. બીજી બાજુ મોદીએ આશા વ્યક્ત કરી હતી કે, આ યાત્રાથી ફિલિપાઈન્સ સાથે ભારતના દ્વિપક્ષીય સંબંધો વધારે મજબૂત થશે. તમામ સ્તરો ઉપર સંબંધોને મજબૂત કરવા ભાર મુકાશે.

### પૂર્વ કચ્છમાં ૪ ભૂકંપના આંચકા

અમદાવાદ, તા.૧૨

રાજયમાં સરહદી અને સૌથી મોટા એવા સરહદી જિલ્લા કચ્છના પૂર્વ વિસ્તારમાં મધરાતથી લઈને બપોર સુધીમા ચાર જેટલા ભૂકંપના આંચકા અનુભવાયા હોવાની વિગતો બહાર આવવા પામી છે.

આ અંગે ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી કચેરીમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રાત્રે ૧.૨૪ કલાકે ભચાઉ પાસે ૨.૩ની તીવ્રતા,રાત્રે ૩.૪૫ કલાકે ખાવડા પાસે ૧.૫ની તીવ્રતા સાથે,સવારે ૪.૪૫ કલાકે દુધાઈ પાસે ૧.૮ની તીવ્રતા સાથે અને બપોરે ૩.૩૨ કલાકે ભચાઉ પાસે ૧.૬ની તીવ્રતા સાથે આંચકા અનુભવાયા હતા.આ આંચકા પાછળ વાગડ લાઈન સક્રીય થઈ હોવાનુ અનુમાન મુકવામા આવી રહ્યુ છે.

# દેશમાં ઈસ્લામિક બેંક લાવવા માટેની દરખાસ્ત નામંજુર થઈ

**રિઝર્વ બેંક દ્વારા માહિતી આપવામાં આવી : આરબીઆઈ પાસે આરટીઆઈ કાયદા હેઠળ માંગવામાં આવેલ માહિતી બાદ જવાબરૂપે વિસ્તૃત માહિતી અપાઈ**

નવીદિલ્હી, તા. ૧૨

એક મોટા પગલારુપે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ દેશમાં ઈસ્લામિક બેંક લાવવા માટેની દરખાસ્તને સ્વીકાર નહીં કરવાનો નિર્ણય કર્યો છે. માહિતી અધિકાર હેઠળ માંગવામાં આવેલી માહિતીના જવાબમાં રિઝર્વ બેંકે આ મુજબની પ્રતિક્રિયા આપી છે. રિઝર્વ બેંકે કહ્યું છે કે, તમામ નાગરિકોને બેંકિંગ અને અન્ય નાણાંકીય સેવાઓની વિસ્તૃત અને એક સમાન તકની સુવિધાના હેતુસર આ નિર્ણય કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું છે કે, ઈસ્લામિક બેંક લાવવા પાછળ કોઈ હેતુ નથી. દેશમાં તમામ નાગરિકોને એક સમાનરીતે બેંકિંગ વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવી ચુકી છે. બીજી બાજુ ઈસ્લામિક અથવા તો સરિયા બેંકિંગ એવી નાણાંકીય વ્યવસ્થા છે જે જુદા સિદ્ધાંત પર આધારિત છે. આરટીઆઈના જવાબમાં કહેવામાં આવ્યું છે કે, ભારતમાં ઈસ્લામિક બેંક લાવવાના મુદ્દાને લઈને રિઝર્વ બેંક અને સરકાર દ્વારા વિચારણા કરવામાં આવી ચુકી છે. તમામ નાગરિકોને બેંકિંગ અને ફાઈનાન્સિયલ સર્વિસ વિસ્તૃત અને સમાનરીતે ઉપલબ્ધ થાય તે માટે પ્રસ્તાવને આગળ નહીં વધારવાનો નિર્ણય કરાયો છે. આરબીઆઈ પાસેથી દેશમાં ઈસ્લામિક અથવા તો વ્યાજમુક્ત બેંકિંગ વ્યવસ્થા સ્થાપિત કરવા માટે લેવામાં આવેલા પગલાના સંદર્ભમાં માહિતી માંગવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના તમામ પરિવારોને વ્યાપક નાણાંકીય મામલાઓમાં સામલે કરવાના હેતુસર ૨૮મી ઓગસ્ટ ૨૦૧૪ના દિવસે રાષ્ટ્રીય મિશન જનધન યોજનાની શરૂઆતક કરી હતી. ૨૦૦૮ના અંત આરબીઆઈના તત્કાલિકન ગવર્નર રઘુરામ રાજનના નેતૃત્વમાં નાણાંકીય ક્ષેત્રમાં સુધારાને લઈને એક સમિતિની રચના કરવામાં આવી હતી. આ કમિટિએ દેશમાં વ્યાજમુક્તિ બેંકિંગ વ્યવસ્થાના મુદ્દા ઉપર ગંભીરતાથી વિચારવાની જરૂરિયાત ઉપર ભાર મુક્યો હતો.

# શેલ કંપનીઓના ૧૦૦થી વધુ બેંક ખાતા ફ્રિઝ કરાયા

**ત્રણ દિવસ સુધી વ્યાપક દરોડાઓ પાડવામાં આવ્યા બાદ શશિકલા સંબંધિત કંપનીઓના બેંક ખાતાઓ સીલ : જપ્ત દસ્તાવેજોમાં ઉંડી તપાસ જારી**

ચેન્નાઈ, તા.૧૨

અપરાધી જાહેર કરવામાં આવ્યા બાદ સજાના ભાગરૂપે હાલમાં જેલની હવા ખાઈ રહેલા અન્નાદ્રમુકના નેતા શશીકલાના ભત્રીજા અને જયા ટીવીના એમડી વિવેક જયરામન દ્વારા મેનેજ કરવામાં આવી રહેલી શેલ કંપનીઓના ઓછામાં ઓછા ૧૦૦ બેંક ખાતા ફ્રીઝ કરી દેવામાં આવ્યા છે. આવકવેરા વિભાગના સુત્રોએ આ મુજબની માહિતી આપી છે. સતત ત્રણ દિવસ સુધી વ્યાપક દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવ્યા બાદ બેંક ખાતાઓ ફ્રીજ કરવામાં આવ્યા છે. તમિળનાડુ, પુડુચેરી, બેંગલોર, હેદરાબાદમાં શશીકલા, તેમના પરિવારના સભ્યો અને સમર્થકોની માલિકીની પ્રોપર્ટી પર દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવ હતી. ગુરૂવાર, શુક્રવાર અને શનિવારના દિવસે દરોડાની કાર્યવાહી ચાલી હતી. જેથી તમિળનાડુના રાજકારણમાં ખળભળાટ મચી ગયો હતો.

શુક્રવારે બીજા દિવસ સુધી છ કરોડ રોકડ, ૮.૫ કિલોગ્રામ સોનુ અને ૧૨૦૦ કરોડ રૂપિયાથી વધુ કિંમતના રોકાણ સાથે સંબંધિત દસ્તાવેજો મળી આવ્યા હતા. શશીકલાના ભાઈ વી. ધિવાહરણની માલિકીની વુમન્સ કોલેજના ઉપયોગ નહી કરવામાં આવતા હોસ્ટેલના રૂમમાંથી કિંમતી ચીજવસ્તુઓ મળી આવી હતી. ૨૦થી વધુ શેલ કંપનીઓના ખાતા છે તેવી માહિતી મળ્યા બાદ ૧૦૦ બેંક ખાતા ફ્રીજ કરી દેવામાં આવ્યા છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય




જાહેર આભાર



આપણા ઈતિહાસની અમર કથા 'પદ્માવતિ'માં છેડછાડ કરી નિર્માણાધિન ફિલ્મને અટકાવવા યોજાયેલ મહાસંમેલનમાં પ્રચંડ પ્રતિસાદ આપનારા રાજપૂત સમાજના સભ્યો અને શુભેચ્છકોનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ...

સમગ્ર સમાજને માર્ગદર્શન આપવા બદલ કરણીસેનાના સંસ્થાપક માનનીયશ્રી લોકેન્દ્રસિંહનો આભાર માનીએ છીએ...

આવો, આપણે સૌ સાથે મળી આપણા ઈતિહાસની સાંસ્કૃતિક પરંપરા સામે ઉભા થતા પડકારોને પહોંચવા સંગઠિત બની બુલંદ અવાજ ઉઠાવીએ...

પુનઃ આભાર... જય માતાજી...

સર્વદમનસિંહ આર. વાઘેલા
રીપુદમનસિંહ આર. વાઘેલા
તથા
સમગ્ર રાજપૂત સમાજ પરિવાર